# સુરતમાં પૂર બાદ ભરૂચ, વડોદરા પણ જળબંબાકાર

## ભરૂચ અને નર્મદામાં કુલ સાત લાખથી વધુ લોકો વરસાદ અને પૂરથી પ્રભાવિત થયા : ભરૂચ, સુરત, નર્મદામાં સ્કૂલ, કોલેજો બંધ : બચાવ કામગીરી યથાવત

અમદાવાદ, તા.૨૪

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ જારી રહેતા હાલત કફોડી બનેલી છે. સુરતમાં પૂર બાદ હવે ભરૂચ અને વડોદરામાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ભરૂચ જળબંબાકાર છે જ્યારે વડોદરામાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભરૂચ, નર્મદા, સુરતમાં શાળા-કોલેજોને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. ભરૂચ અને નર્મદાના શ્રેણીબદ્ધ ગામો સંપર્ક વિહોણા થઈ ગયા છે. ભરૂચ અને નર્મદાના કુલ સાત લાખથી પણવધુ લોકોને વરસાદની માઠી અસર થઈ છે. બીજી બાજુ સુરતમાં ગઈકાલે વિકટ સ્થિતિ સર્જાયા બાદ આજે સ્થિતિમાં સુધારો થયો હતો. છતાં નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ છે.

સુરતમાંપાણી નીચાણવાળા વિસ્તારોમાંપણ ઘટી રહ્યુ છે જેથી લોકોને રાહત થઈ રહી છે. ભરૂચ, નર્મદા અને સુરતમાં હજુ પણ રીક્ષા, એસટી, ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. પૂર્ણા અને અંબિકા જેવી નદીઓ ભયજનક સપાટી પર છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. સુરતમાં આજે સતત બીજા દિવસે પણ નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાયેલી રહી હતી. પૂરની સ્થિતિના કારણે સુરતમાં રહેતા લોકોની મુશ્કેલીઓ વધારી દીધી છે. સુરતમાં વહેલી સવારથી જ વરસાદ શરૂ થઈ ગયો હતો જેના કારણે રસ્તાઓ ઉપર કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. ઘણી જગ્યાએ વૃક્ષો ધારાશાયી થયાનો અહેવાલો મળ્યા હતા. પાણીની સ્થિતિમાં કોઈ ફેરફાર થયા નથી. ઉકાઈ ડેમની સપાટી ૩૪૩.૨૫ નોંધાઈ છે. દક્ષિણ ગુજરાતમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. ઉકાઈના ૨૨ દરવાજા ખોલવાની ફરજ પડી છે જેથી સુરત શહેર પાણીમા ગરકાવ થઈ ગયુ છે. વિકટ પરિસ્થિતિ વચ્ચે સુરત, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાંથી મોટા પાયે લોકોનું સ્થળાંત કરવામાં આવ્યુ છે. તમામ જગ્યાઓએ બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. રાહત કેમ્પો જુદી જુદી જગ્યાઓએ સ્થાપિત કરવામાં આવ્યા છે. સુરત શહેરના નિચાણવાળા વિસ્તારોમાં તમામ જગ્યાઓએ પાણી ભરાઈ ગયા છે. સાવચેતીના પગલારૂપે સુરત શહેરમાં શાળા અને કોલેજોમાં રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ રજાની જાહેરાત કરી દેવામાં આવી છે. પૂરના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ ફાયરબ્રિગેડ અને અન્ય બચાવ ટુકડીઓની મદદ લેવામાં આવી રહી છે. અંકલેશ્વરમાં છ ગામમાં એલર્ટની જાહેરાત કરાઈ છે. ભરૂચ શહેરમાંપણ એલર્ટની જાહેરાત કરાઈ છે. નર્મદા નદીમાં જળ સપાટી સતત ચિંતાજનક રીતે વધી રહી છે. ભરૂચ અને સુરતના કલેક્ટરોએ માહિતી આપતા કહ્યુ છે કે પરિસ્થિતિને હળવી કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફાયર બ્રિગેડની ટુકડીને સાવધાન રાખવામાં આવી છે. નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસી જવા સૂચના આપવામાં આવી છે. શહેરમાં પૂરના સંકટ વચ્ચે ભારે અરાજકતા ફેલાઈ ગઈ છે. સુરત, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર સહિતના તમામ ભાગોમાં જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે અને અંધાધૂંધી જોવા મળી ગઈ છે. સુરતમાં એક બાજુ પાણી ઘટી રહ્યા છે. સુરત સહિત દક્ષિણ ગુજરાત પર હજુ પણ ભારે વરસાદનું સંકટ તોળાઈ રહ્યુ છે.



જૈન સોશિયલ ગૃપ દ્વારા પર્યુષણનાં તહેવાર પ્રસંગે ઉગ્ર તપશ્ચર્યા કરનાર તેમજ રમત-ગમતમાં સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં સેક્ટર-૭ કોમ્યુનિટી હોલ ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે સમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)



ગોકુલપુરા ગામની શાળાનાં બાળકો ગંદકી અને દુર્ગંધની વચ્ચે અભ્યાસ કરી રહ્યા છે. મધ્યાહન ભોજન બાદ પણ પોતાનાં વાસણો સાફ કરવા શાળા બહાર ઉભેલા ટેન્કરના પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્ય સરકારો હવે બળજબરીથી જમીન સંપાદન કરી શકશે જ નહીં

## જમીન સંપાદનના કેસમાં ગ્રામીણ વિસ્તારમાં ચાર ગણી તેમજ શહેર ક્ષેત્રમાં ડબલ બજાર કિંમત ચૂકવવી પડશે : કેન્દ્રિય પ્રધાન જયરામ રમેશની ચેતવણી

અમદાવાદ, તા.૨૪

કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારે તાજેતરમાં તમામ રાજકીયપક્ષોના સમર્થનથી સંસદમાં પસાર કરેલા ભૂમિ અધિગ્રહણ બિલ ૨૦૧૩ના અમલથી આગામી બે-ત્રણ વર્ષમાં દેશભરમાં ક્યાંક જમીન સંપાદનના મામલે ખેડૂત આંદોલન જોવા મળશે નહીં તેવો દાવો આજે કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રી જયરામ રમેશે દાવો કર્યો હતો.

અમદાવાદ સ્થિત કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે એક પત્રકાર પરિષદને સંબોધન કરતા ભૂમિ અધિગ્રહણના આ નવા કાયદાના ભારોભાર વખાણ કર્યા હતા તેમણે જણાવ્યું હતું કે દેશની સ્વતંત્રના બાદ પ્રથમવાર ઘડી કઢાયેલા આ નવા કાયદાના તમામ પરિપેક્ષમાં ખેડૂતો, આદિવાસીઓ વગેરે જમીન ધારકોના હિતને સર્વોપરી સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા થતી જમીન સંપાદનના કેસમાં ગ્રામીણ ક્ષેત્રમાં ચાર ગણું અને શહેરી ક્ષેત્રમાં ડબલ વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા જે જમીન સંપાદિત કરવાની હોય તે માટે સર્કલ રેટ તેમજ જમીનના પાછળના ગત વર્ષની સરેરાશ કિંમત કરતા ગ્રામીણક્ષેત્રમાં ચાર ગણી અને શહેરીક્ષેત્રમાં ડબલ કિંમત જમીન ધારક ખેડૂતો, આદિવાસીઓ તથા અન્યને ચુકવવી પડશે. એટલું જ નહીં પરંતુ રાષ્ટ્રીય આપદા અથવા તો કુદરતી હોનારત સિવાય કોઈ પણ કિસ્સામાં બળજબરીપૂર્વક જમીનનું



સંપાદન કરવામાં આવશે નહી. આદિવાસી વિસ્તારોમાં ગ્રામસભાઓની મંજુરીથી તેમજ આદિવાસી સિવાયના વિસ્તારોમાં ગ્રામસભા સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ જ ભૂમિ અધિગ્રહણ થઈ શકશે. જમીન સંપાદનના કેટામાં દલાલો તથા ખાનગી એકમોને નસીધો લાભ કરાવી આપવાની રાજનીતિનો છેદ ઉડાડતા આ કાયદામાં કલેક્ટરની ભૂમિકા દુર કરવામાં આવી છે અને બધુ જ નવા કાયદા મુજબ સ્પષ્ટ કરી દેખાય આવ્યું છે. જયરામ રમેશે સ્પષ્ટરીતે જણાવ્યું હતું કે ગુજરાત જેવા રાજ્યોને પણ આઓ કાયદાની સીધી અસર થશે. જ્યાં જમીન સંપાદન સામે ઉગ્ર આંદોલનો ચાલી રહ્યા છે તેમણે જણાવ્યું હતું કે અનેક સ્થળોએ માત્ર મામુલી રકમ આપીને સરકાર મોંઘીદાટ જમીન સંપાદન કરી બિલ્ડરો, ઉદ્યોગપતિઓ વગેરેનેન પધરાવી દે છે તેવા કેસોમાં ખેડૂતોને ફાયદો કરાવી આફતા આ નવા કાયદામાં પાશ્ચાતવર્તી અસરથી ખેડૂતોને વળતર આપવાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં પાચ વર્ષથી જુના કેસમાં એવોર્ડ જાહેર થઈ ગયા હોય છતાં હજુ સરકાર જમીનનો કબજો લીધો ન હોય ત્યાં ખેડૂતોને નવા કાયદા મુજબ વળતર ચુકવવું પડશે. આ ઉપરાંત પાંચ વર્ષ અગાઉના કેસમાં ખેડૂતોએ બહુમતીથી વળતર લીધું ન હોય તેવા કેસમાં પણ નવા કાયદા મુજબ વલતર આપવું પડશે. તેમણે ઉમેર્યું હતું કે એક તરફ ઔદ્યોગિકરણ અને શહેરીકરણ માટે જમીનોની ખુબ જ મોટી સંખ્યામાં માંગ ઉભી થઈ છે ત્યારે વચેટીયાઓ, દલાલો તથા ૧૮૯૪ના જૂના કાયદા સામે ખેડૂતો આદિવાસીઓ વગેરે રક્ષણ આપવા તથા તેમને ક્યાય તેમજ યોગ્ય વળતર અપવવા કેન્દ્ર સરકારે આ વચગાળાનો રસ્તો કાઢવાનો પ્રયાસ કર્યો છે. ભૂમિ અધિગ્રહણ ૨૦૧૩નું આ બિલ આજે રાષ્ટ્રપતિની મંજુરી માટે મોકલવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થયા બાદ બે મહિનામાં આ કાયદાના નિયમો તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ તેનો અમલ કરાશે જે દેશભરના ખેડૂતો, આદિવાસી તથા ભૂમિધારકો માટે લાભકર્તા બની રહેશે.

# જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરે જંત્રાલ ગામે નેત્ર ચિકિત્સા, ડાયાબિટીશ, બી.પી. તપાસ કેમ્પ યોજ્યા

ગાંધીનગર, તા. ૨૪

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન તથા સદભાવ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિજાપુર તાલુકાના જંત્રાલ ગામના ઉમિયા મંદિરમાં તારીખ ૨૨-૯-૨૦૧૩, રવિવારે સવારે ૯.૦૦ થી ૨.૩૦ સુધી નેત્રચિકિત્સા, ડાયાબિટીશ તપાસ તથા બી.પી. તપાસ કેમ્પ યોજ્યા હતા. જંત્રાલ ગામના ૪૨૮ વ્યક્તિોએ આંખની તપાસ કરાવેલ હતી તે પૈકી ૨૦૨ વ્યક્તિઓએ રૂ. ૨૦ ટોકન ફી જમા કરાવીને ચશ્મા મેળવવા માટે નોંધ કરાવેલ છે. ૧૧ વ્યક્તિઓને આંખમાં મોતિયો આવેલ હોવા છતાં પોતાને ખ્યાલ ન હતો તેની તપાસ દરમ્યાન જાણકારી મળી હતી. આ વ્યક્તિઓને મોતિયાનું ઓપરેશન કરાવવા સલાહ આપવામાં આવી છે. બે વ્યક્તિઓ ઝામરના રોગથી પીડાતી હોવાનું માલુમ પડેલ હતું. તેમને અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં આવેલ આંખની હોસ્પિટલમાં દર મંગળવારે ઝામરની ખાસ તપાસ કરાવવા સલાહ આપવામાં આવી હતી.

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવેલ આંખની હોસ્પિટલના આંખ વિભાગના ડોક્ટર્સ તથા અન્ય સ્ટાફ તેમના સાધનો લઈને જંત્રાલ ગામે નેત્રચિકિત્સા કેમ્પ માટે સેવાઓ આપવામાં આવેલ.

જંત્રાલ ગામના અને હાલમાં અમેરીકામાં રહેતાં શ્રીમતી શાન્તાબેન જીવણલાલ પરસોત્તમદાસ પટેલે, સદભાવ ટ્રસ્ટ મારફત તથા જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈને સંયુક્તરીતે ચશ્માના ખર્ચમાં સહયોગ આપેલ છે.

જંત્રાલ ગામના વૃદ્ધ અને શારીરિક રીતે અશક્ત હોય તેવી ૧૫૪ વ્યક્તિઓની બી.પી.ની તપાસ કરવામાં આવેલ તથા લોહીમા ડાયાબિટીશના રોગની અસરો છે કે કેમ તેની ૯૮ વ્યક્તિઓની પણ આધુનિક મશીન દ્વારા મફત તપાસ કરવામાં આવેલ હતી.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩ સીના પ્રમુખશ્રી દ્રુપદભાઈ જોષીએ આ ત્રણેય કેમ્પની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. ગાંધીનગરથી ૬૦ કિ.મિ. દૂર આવી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડવા માટે ગ્રુપના પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ૩ સીના યુનીટ ડાયરેક્ટર શ્રી સાંકાભાઈ જે. પટેલે તથા પ્રમુખશ્રી બાબુભાઈ એમ. પટેલ, ડાયરેક્ટર ઓફ એડમીનીસ્ટ્રેટર શ્રી શ્રી રમેશભાઈ આઈ. પટેલ, ખજાનચી શ્રી ભાનુપ્રસાદ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રી નટુભાઈ આર. પટેલ તથા સક્રિય સભ્યશ્રી માધુભાઈ એચ. પટેલે કેમ્પમાં હાજરી આપી સફળતા માટે સહયોગ આપેલ હતો.

જંત્રાલ સરપંચશ્રી, ગામના ઉમિયા મંદિરના કાર્યવાહકો તથા શ્રી કાન્તિભાઈ જેઠાભાઈ પટેલ, શ્રી કાનજીભાઈ શંકરભાઈ પટેલ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓએ આ કેમ્પનો જંત્રાલ ગામના બધા જ વર્ગોના વધુ નાગરિકો લાભ લે તે માટેની લોકજાગૃતિ લાવી હતી. એવું અખબારી યાદીમાં જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખશ્રી બાબુભાઈ એમ. પટેલે જણાવેલ છે.

## અનામી મૃતકોની શ્રદ્ધાંજલિ કરાઈ

શહેરમાં આવેલી અગ્રણી સંસ્થા જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા શ્રાદ્ધ વિધિ તેમજ સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ ગઈ. જુ.સી.કા. દ્વારા ગત તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ શ્રાદ્ધવિધિ તેમજ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ નાગરિકો, દાતાઓ, સંસ્થાના હોદ્દેદારો, તેમજ આ કાર્યમાં સહભાગી થયેલ નામી-અનામી કાર્યકરોનો સંસ્થાના પ્રમુખ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સમયે ચોમાસા દરમ્યાન પડેલ મુશળધાર વરસાદની પરિસ્થિતિ સમયે મદદરૂપ થનાર સિવિલ હોસ્પિટલના સર્જન આર.એમ. ઓઝા, સિક્યુરીટી ઈન્ચાર્જનો આભાર માનેલ છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશન દ્વારા પડતર પ્રશ્નોની રજૂઆત કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સ્થિત ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશનની કારોબારી સમિતિની માસિક બેઠક તા. ૨૦મી સપ્ટેમ્બરના રોજ મળી હતી. આ બેઠકમાં સરકાર સમક્ષ પડતર રહેલા વિવિધ પ્રશ્નોની અસરકારક રજૂઆત કરવા અંગે નિર્ણય લેવાયો હતો.

એસોસિયેશનની બેઠકના પ્રારંભે કારોબારી સભ્ય મૂળાભાઈના માતૃશ્રીના અવસાન બદલ શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ અગાઉની મીટીંગની કાર્યવાહીને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત રાજ્ય માનવહક્ક પંચની કચેરીમાં ૫૧ જગ્યાઓ ખાલી હોવાથી માનવ હક્કના પ્રશ્નોનો ભરાવો થવા પામ્યો છે. તે અંગે સરકાર સમક્ષ રજૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. તદુપરાંત મહત્વના પડતર પ્રશ્નો જેવા કેરૈન-બસેરાનું બાંધકામ, શહેરના કોઈ એક માર્ગને 'શહીદ વીર મેઘમાયા'નું નામકરણ કરવુ, સાર્વત્રિક શિક્ષણના કાયદાનો અમલ કરાવવો, પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની આવકમર્યાદા તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ટ્યુશન ફી વગેરેની સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવાનું ઠરાવામાં આવ્યું હતુ. તાજેતરમાં દલિત યુવાનના આપઘાત અંગે યોગ્ય તપાસ અને તેના કુટુંબીજનોને ચાલુ નોકરીએ અવસાન પામતા મળતા લાભો મળે તે માટે રજુઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૧૮૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૨ | ■ | ૩ | |
| ૪ | ■ | ■ | ■ | ૫ | ૬ | | |
| ૭ | ૮ | | ૯ | ■ | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ■ |
| ■ | ૧૩ | ૧૪ | | ■ | ■ | ■ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ૧૮ | |
| | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | |
| ૨૧ | | ■ | ૨૩ | | | ■ | |

### આડી ચાવી

૧. બડાઈખોર (૫)
૩. મદારી, ગારૂડી (૨)
૫. બકબક, કચકચ (૪)
૭. બીકણ (૪)
૧૦. ડંકો, ટન એવો અવાજ (૪)
૧૧. મોચ, મચકોડ (૨)
૧૨. એક જાતની ઘોડી (૩)
૧૩. ચિંતન, મનમાં વિચારવું તે (૩)
૧૬. તાસ કે મોટી ડીશ (૩)
૧૭. સાથી, સાથ આપનાર (૪)
૧૯. લીક થવું તે (૩)
૨૧. મેડીસીન, ઔષધ (૨)
૨૨. ફરજ (૩)
૨૩. ચોખાના કડકા (૩)

### ઊભી ચાવી

૧. નિયમમાંથી છટકવાની યુક્તિ (૪)
૨. હિંચકો (૨)
૩. એક વાસણ, કટોરો (૩)
૪. પુત્ર, બાબો (૩)
૬. નાનકડો ટૂકડો (૩)
૮. રડવાની તૈયારી હોય તેવો ચહેરો (૪)
૯. બારસાખ, બારી-બારણાની ફ્રેમ (૩)
૧૪. બનાવટી (૩)
૧૫. ચોકીદાર, ચોકી કરનાર (૪)
૧૬. વખાણ (૩)
૧૭. પિયુ, પતિ (૩)
૧૮. શાબાશી (૨)
૨૦. બર્થડે વખતે... કાપીને ઉજવણી કરાય છે (૨)

### શબ્દાવલી ૫૧૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) મજહબ (૪) ધગશ (૬) જુજ (૭) ડાફેરા (૯) વાઈસર (૧૨) અસવાર (૧૪) વસૂલ (૧૫) સલમ (૧૬) તોખાર (૧૭) કુખ (૧૯) રવાના (૨૧) ક્ષીણ (૨૨) રત

**ઊભી ચાવી :-** (૧) મજુર (૨) જજ (૩) બડાઈખોર (૪) ધરાર (૫) શપથ (૮) ફેસ (૧૦) હાંસલ (૧૧) કસુરવાર (૧૨) અચરજ (૧૩) વામકુક્ષી (૧૪) વખાર (૧૮) ખણ (૨૦) નાત

## કંપની સમાચાર

### ઈન્ડિયા ફર્સ્ટ લાઈફની તમામ પોલિસીઓ હવે ડિમેટ ફોર્મેટમાં ઉપલબ્ધ બનશે

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્ટોરન્સની તમામ પોલિસીઓ હવેથી ડિમટિરીલાઈઝડ ફોર્મેટમાં ઉપલબ્ધ બનશે. ઈન્સ્યોરન્સ રીપોઝિટરી તરીકેનાં ડિમેટ ફોર્મેટને કારણે પોલિસીધારકો તેને ઈલેકટ્રોનિક સ્વરૂપે રાખી શકાશે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફનાં એમડી અને સીઈઓ ડૉ. પી. નંદગોપાલ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

ડૉ. નંદગોપાલે જણાવ્યું કે, 'ઈન્ડિયા ફર્સ્ટ લાઈફમાં અમે ટેકનોલોજીનો ઉપયોગ વધારે સારી સેવાઓ આપવા કર્યો છે. ડિમેટ ફોર્મેટની ઉપલબ્ધિને કારણે ગ્રાહકોને સુગમતા પડશે. જીવનવીમો લાંબાગાળાની પ્રોડકટ છે. ડિમેટ ફોર્મેટને કારણે ગ્રાહકો તેમની પોલિસીને ટ્રેક કરી શકશે અને સિંગલ પ્લેટફોર્મ પર તેમને ઈન્સ્યોરન્સ પોર્ટફોલિયો જાળવી શકશે.'

ઈલેકટ્રોનિક ઈન્સ્યોરન્સ એકાઉન્ટમાં કેવાયસી નોર્મ્સ જેમ કે સરનામું અને આઈડેન્ટીટી પ્રુફ વગેરે પુરા પાડવાના હોય છે.

### સીસીડીની લિજ્જતદાર ફ્રેન્ડસ ઓફ ફ્રેપ્પી સાથે મોજ લો

ભારતમાં કોફી કેફે સંસ્કૃતિની આગેવાન કેફે કોફી ડે (સીસીડી) ફ્રેન્ડસ ઓફ ફ્રેપ્પી લઈને આવી છે. આ બેવરેજ અને બાઈટ સાઈઝ ડિલાઈટ્સના સંયોજનની શ્રેણી અત્યંત પ્રતિભાશાળી અને હાલમાં જ પદાર્પણ કરનારી સુંદર અભિનેત્રી યામી ગૌતમને હસ્તે રજૂ કરવામાં આવી હતી. આ સ્પેશિયલ મેનુ ત્રણ લિપ-સ્મેકિંગ નવી ફ્રેપ્પી સાથે ભૂખ ભાંગતા સ્મોલ ઈટ્સની જોડી ઓફર કરે છે, જે તમારા સ્થાનિક સીસીડી ખાતે તમારા ફ્રેન્ડસ સાથે અનુરૂપ હેન્ડઆઉટનું નિમિત્ત બની જાય છે. ભારતની અગ્રણી કેફે શૃંખલા પાસેથી સતત ઉત્ક્રાંતિ પામતા તેના મેનુમાં આ નવો ઉમેરો તેની સ્વાદિષ્ટ ઓફરો વિસ્તારવા માટે સેંકડો નવી આઈટમો રજુ કરવાના ઉપલક્ષ્યમાં છે, જે તેના ગ્રાહકોને રોમાંચિત કરવા સાથે અનુભવમાં નાવીન્યતા માટે તેમની ઈચ્છાને પણ સંતોષશે.

તેના અત્યંત લોકપ્રિય ફ્રેપ્પીઝની રેખામાં ઉમેરો કરતાં આ નવા મેનુમાં બે નવા સ્વાદિષ્ટ પ્રકાર રજૂ કરવામાં આવ્યા છે, જેમાં બ્લશબેરી ફ્રેપ્પી વ્હિપ્ડ ક્રીમ સાથે સ્ટ્રોબેરી ટોપ્ડ ચંક્સ યુક્ત ટ્રોબેરી શેક છે.

### શિક્ષક વ્યવસાયથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આઈ.કયુ.ની સાથે ઈ.કયુ.નું પણ મહત્વ છે. આજે મા-બાપની અપેક્ષા વધી છે ત્યારે બાળકો નિષ્ફળતા પચાવી શકતા નથી. ચૈન્નઈમાં શાળાઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધુ છે. જયારે છેલ્લા ૧૦ વર્ષમાં આપઘાતનું પ્રમાણ ૬ ટકા વધ્યું છે. જેમાં ૪૫ ટકા કિસ્સામાં ૧૫ થી ૨૯ વર્ષના યુવાનો આ તરફ ધકેલાયા છે. આ સ્થિતિમાંથી બહાર આવવું અનિવાર્ય છે. તેના નિવારણ માટે શિક્ષકે લાગણી અને નિષ્ફળતા સામે વિદ્યાર્થી પેઢીને તનાવમુકત રાખવાનો પડકાર પણ છે. આ તબક્કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઉત્તમ શિક્ષકની તાલીમની પહેલ કરી ૨૧મી સદીમાં આપણો નાગરિક સમાજમાં કેવો સખત બને તેની પ્રયોગભૂમિ ગુજરાત બન્યું છે. પૂરા વિશ્વમાં ઉત્તમ શિક્ષકની માંગ છે. જેમાં આપણે ઉત્તમ શિક્ષકની નિકાસ કરીને આપણી સંસ્કૃતિને વિશ્વમાં એક શકિત તરીકે પ્રસ્થાપિત કરી શકીએ. આધુનિક શિક્ષણમાં વર્તમાન પેઢીના બાળ માનસમાં જીજ્ઞાસા-જાણકારીની ઉંચાઈ છે. તેને સંતોષવા શિક્ષક સક્ષમ હોવો જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે માતા જન્મ આપે છે પણ શિક્ષક જીવન આપે છે. જેનામાં માતાનું ભાવસ્વર છે તે જ શિક્ષકનું 'માસ્તર' રૂપે પ્રગટીકરણ કરી શકે. શિક્ષક એ દેશના ગણતંત્રમાં 'ગુણતંત્ર'નો વિકાસ કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની ટીચર યુનિવર્સિટીએ શિક્ષણ પ્રશિક્ષણના ક્ષેત્રે દેશમાં આગવી ઓળખ અને વિશ્વસનિયતા ઉભી કરી છે. જયારે હવે ભારત સરકાર પણ આખી ટીચર યુનિવર્સિટી કાર્યરત કરવાની દિશામાં પ્રયત્નશીલ છે. ૧૯૪૮ની ઉચ્ચ આયોગની રચના થઈ પરંતુ શિક્ષણમાં સુધારા વિશે કોઈ નવી પહેલ થઈ જ નહીં. ઉત્તમ શિક્ષકનું કૌશલ્ય વર્ધન થતું રહેવું જોઈએ. માત્ર પુસ્તકોના માધ્યમથી જ્ઞાન વર્જિત થઈ શકે નહીં તે માટે શિક્ષકોના પ્રશિક્ષણને 'ટીચીંગ' નહીં 'લર્નિંગ' પ્રોસેસ તરફ પ્રેરિત કરવું ડશે. શિક્ષણમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ પૂર્વ પ્રાથમિકથી પી.એચ.ડી. સુધી ઉત્તમ શિક્ષણ માટે ગુજરાતની દિશા દેશને પથદર્શક બનશે તેમ જણાવ્યું હતું. શિક્ષણ, પ્રશિક્ષણ શિબિર દરમિયાન યુ.જી.સી.ના વાઈસ ચેરમેન એમ. દેવરાજ આઈ.આઈ.ટી.ના કુલપતિ કમલેશ જોષીપુરા, કુલસચિવ બી.જે. ભટ્ટ તેમજ રાજય તેમજ બહારની યુનિવર્સિટીના કુલપતિઓ શિક્ષણવિદો સહિત શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રૂપાલની પલ્લી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોઢ લાખ લીટર દૂધ ભેગું કરી તેમાંથી ૩૦ હજાર કીલો ઘી બનાવશે. માતાજીની પલ્લીમાં ઘીનો અભિષેક કરી ભાવિકો માનતા પુરી કરશે. ગત વર્ષે પણ ૫ લાખ કીલો ઘીનો અભિષેક થયો હતો. આ વર્ષે પણ માતાજીના પલ્લી મેળાનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. જયારે ભાવિકો માટે જુદી જુદી જગ્યાએ ચાર મોટા સ્ક્રીન મુકવામાં આવશે. હાલ ગ્રામજનોમાં ભવ્ય પલ્લી મેળાને લઈ અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### કોસ્ટગાર્ડનું વડુ મથક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. આગામી ચાર પાંચ વર્ષમાં બિલ્ડીંગ તૈયાર થઈ જશે. કોસ્ટ ગાર્ડની સતર્કતાને પગલે ભારતની દરિયાઈ સીમામાં પાકિસ્તાની ઘુસણ ખોરીનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું છે. દરિયામાં થતી કોઈ પણ પ્રકારની હિલચાલની માહિતી મેળવા કોસ્ટગાર્ડ દ્વારા દરિયાકિનારે સ્થિત માછીમારોની મદદ મેળવવામાં આવી રહી છે. આ માટે માછીમારોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરુપે તાજેતરમાં ગુજરાતના દરિયાકાંઠે બાઈક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. માછીમારોને કોસ્ટગાર્ડની આંખ અને કાનની ઉપમા આપવામાં આવી છે. દરિયામાં આપત્તિ સમયે માછીમારોને બચાવ સહિતની મદદ કોસ્ટગાર્ડ પુરી પાડે છે.

### મજબૂતીકરણ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૯ અને સે-૧૬ અને સે-૧૭માં 'ચ' અને 'છ' કક્ષાના મકાનોનું રીનોવેશન હાથ ધરાશે. જે અન્વયે ૧૮૮ જેટલા મકાનોની કાયાપલટ કરવામાં આવશે. આ તમામ આવાસોના મજબૂતીકરણ અન્વયે પ્લાસ્ટર, ચાઈનામોજેક, ટાઈલ્સ, પ્લમ્બીંગ તેમજ કીચન પ્લેટફોર્મ ઉપરાંત રંગરોગાનનું કામ હાથ ધરવામાં આવશે. શહેરના આવાસો જાળવણીના અભાવે ભયજનક હાલતમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ત્યારે લાંબા સમય બાદ આવાસ મજબૂતીકરણના કામોની મંજુરી અપાતા રહીશોને માથે સલામત છત નસીબ થશે.

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર**

**ટૂંકી મુદતની જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

આથી જાણીતી અને અનુભવી 'ઓફિસ કીપીંગ અને ક્લીનીંગ સર્વિસ કોન્ટ્રાક્ટ' કંપનીઓ તરફથી ઓફિસ કીપીંગ અને સફાઈ માટેનો ટેન્ડરો મંગાવવામાં આવે છે. સદર ટેન્ડરની વિગત 'નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર ખાતેથી મળી શકશે.'

ઉપર મુજબના ટેન્ડર (ભાવપત્રક) બે બીડ સીસ્ટમથી સીલબંધ કવરમાં 'સંયુક્ત નિયામકશ્રી (PLM-5), અર્થશાસ્ત્રી અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર'ના નામે કવર ઉપર 'ઓફિસ કીપીંગ સર્વિસ કોન્ટ્રાકટના ભાવપત્ર' એમ લખાણ સાથે રજૂ કરવાના રહેશે.

સદર ટેન્ડર / ભાવ પત્રક મેળવવાની છેલ્લી તારીખ : ૩/૧૦/૨૦૧૩ રહેશે તથા ભાવપત્રકો આર.પી.એ.ડી.થી તા. ૮/૧૦/૨૦૧૩ સુધીમાં પરત મોકલી આપવાના રહેશે. રૂબરૂ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહિ.

**તારીખ : ૨૪/૯/૨૦૧૩**
**સ્થળ : ગાંધીનગર**
**માહિતી/૧૩૧૧/૧૩-૧૪**

**નાયબ નિયામકશ્રી (PLM-5),**
**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર,**
**ગાંધીનગર**